દિવ્યભાસ્કર
તા-૨૫-૦૩-૦૮

# સુરત મહાનગરપાલિકા

## મોજે: ગોડાદરા અને ડીંડોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૬૯ (ગોડાદરા-ડીંડોલી) તૈયાર કરવા બાબત

### <u>અધિસૂચન</u>

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૯ના હુકમ ક્રમાંક: પુડીએ-૧૧૨૦૦૯-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૧૦/૨૦૦૮, તા. ૦૫-૦૩-૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૬૯ માં ગુલાબી રંગની સળંગ રેખાથી દર્શાવેલ ગોડાદરા અને ડીંડોલી વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં.૬૯ (ગોડાદરા-ડીંડોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા. ૧૩-૦૩-૨૦૦૮.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

### ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૫-૦૩-૨૦૦૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

મ્યુ. કમિશનરશ્રીના તા. ૨૭-૦૨-૦૮ના પત્ર નં.સી.પી.સ./૮/૪૦ થી વિદિત થઈ, સૂચિત નગર રચના યોજના, સુરત નં.૬૯ (ગોડાદરા-ડીંડોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના, સુરત નં.૬૯ (ગોડાદરા ડિંડોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજૂર કરવાનું તથા સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૦/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

નં.પી આર ઓ/૫૬૦/૦૭/૦૮
તા. ૧૭/૩/૦૮

# જાહેર નોટિસ

## મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી)

આ નગર રચના યોજના સુરત નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૦/ ૨૦૦૮, તા. ૫-૩-૨૦૦૮થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના સુરત નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી)

મોજે : ગોડાદરા, બ્લોક નં.- ૬૦થી ૭૩, ૭૭થી ૧૧૪, ૧૨૧થી ૧૨૩.

મોજે : ડીંડોલી બ્લોક નં. ૧થી ૪૯, ૫૨થી ૬૯, ૮૩થી ૧૨૫, ૧૨૭થી ૧૯૧, ૧૯૪થી ૨૦૪, ૩૮૬ તથા ૫૦૨.

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત રેવન્યુ સર્વે નંબરો/ બ્લોક નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે આખના ઉતારા નં. ૭-૧૨ની નકલ.
(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતા નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ બે નકલ. (ડી.આઈ.એલ.આર.ની નકલ).
(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજૂરીની સર્ટીફાઈડ નકલ.
(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.
(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજૂ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉક્ત પત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દશ)માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ ક્ષતિ થશે તેની જવાબદારી અત્રેની રહેશે નહીં. જેની નોંધ લેશો.

નં. પીઆરઓ/૫૬૦/૦૭-૦૮
તા. ૧૭-૦૩-૨૦૦૮

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા